# ૬ પરિવર્તન

**જનક દવે :** રંગભૂમિ સાથે સીધો સંબંધ ધરાવનાર ભાવનગરના વતની જનક દવે એક પીઢ અને અનુભવી રંગકર્મી છે. નાટ્યશાસ્ત્રના જ્ઞાતા તથા બાળકોના સાચા મિત્ર એવા જનકભાઈએ પ્રસ્તુત પ્રસંગને સુંદર નાટ્યાત્મક રૂપ આપ્યું છે. તેમનું નાટ્યસાહિત્ય એટલું સુંદર છે કે રંગભૂમિ અથવા ટેલિવિઝનમાં નાની ફિલ્મના રૂપમાં પણ રજૂ કરી શકાય. તેઓ પોતે બાળ નાટકોની શિબિરમાં બાળક બની જાય છે. અમદાવાદની ગુજરાત કૉલેજના નાટ્યવિભાગના અધ્યક્ષ તરીકે તેમણે ફરજ બજાવેલી છે. તેમની દરેક રચનાઓ હેતુલક્ષી છે. 'હેતુલક્ષી એકાંકીઓ', 'આવો, ગાવો નાચો, તાક, ધિન' અને 'રમતાં રમતાં નાટક' તેમના સંગ્રહો છે. 'ભવાઈ'ના પ્રકાર માટે તેઓ આગવી સૂઝ ધરાવે છે.

**સૂર કૃતિનો :** પ્રસ્તુત કૃતિ નાટક છે. નાટકો રંગમંચ પર ભજવી શકાય છે. વળી બોધદાયક હોવાથી લોકોમાં જાગૃતિ નિર્માણ કરી શકે છે. અહીં બે નવલોહિયા યુવાન મિત્રો નવા સમાજની રચના કરવા કટિબદ્ધ છે. દુશ્મનોને પાઠ ભણાવવા અને મા-ભોમની રક્ષા કાજે કુરબાની આપવા થનગનતા આ બંને યુવાનો લશ્કરી તાલીમ લેવાનું નક્કી કરે છે. પરંતુ પિતાનું હદય લાગણીવશ થઈ પુત્રથી અલગ થવા ઈચ્છતું નથી. આખરે સમજાવટ પછી તેમનો પુત્રપ્રેમ પણ દેશપ્રેમ આગળ ઝૂકે છે, અને તેઓ પણ પુત્રને લશ્કરમાં જોડાવા ખુશી-ખુશી સંમતિ આપવા તૈયાર થઈ જાય છે.

---



પાત્રો

સુખલાલ - વેપારી પિતા

કમળાબેન - સુખલાલનાં પત્ની

સનત - સુખલાલનો પુત્ર

કિશોર - સનતનો મિત્ર

રેણુકા - સુખલાલની પુત્રી

સ્થળ : સુખલાલનું ઘર

સમય : સાંજનો

(સનત ખુરશી ઉપર બેસી પરીક્ષાનું વાંચે છે. વાંચતાં વાંચતાં વિચારે ચડે છે, સફાળો ઊભો થાય છે. કારણ કે તેને લગ્નગીતો, ઢોલ અને શરણાઈનો અવાજ સંભળાય છે.)

સનત : બંધ કરો આ ઢોલ અને શરણાઈ, કોણ લગ્નગીતો ગાઈ રહ્યું છે ? આપણે કેવા છીએ ? ઘડીવારમાં બધું ભૂલી જઈએ છીએ. નવલોહિયા જવાનો ખપી ગયા. તેની રાખ પણ હજુ ઠંડી નથી પડી. એ શહીદોના આત્મા હજુપણ યુદ્ધનાં મેદાનમાં ઘુમરીઓ લેતા ફરી સજીવન થવા પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે અહીં લગ્ન ઉત્સવની મજા મણાય છે, જમણવારની જ્યાફત ઉડાવાય છે. આવી ભાવના છોડીને ચાલો આપણે એક નવા સમાજની રચના કરીએ. (કિશોર પ્રવેશે છે. તેણે છેલ્લાં વાક્યો સાંભળ્યાં છે.)

કિશોર : સનત ! દોસ્ત તને શું થયું છે ! આમ અકળાયેલો કેમ દેખાય છે ?

સનત : શું નથી બન્યું ? આઝાદ છીએ પણ બંધાયેલા અને સ્વતંત્ર છતાં જકડાયેલા. તને કેમ કરીને સમજાવું ? અંદરના ઉકળાટે મને ગાંડો બનાવ્યો છે.

કિશોર : શાંત થા સનત, આમ અધીરાઈથી અસ્વસ્થ બનવાથી કંઈ જ નહિ થાય. આવતીકાલની જવાબદારી આપણા શિરે છે. જો સુકાની જ ધીરજ ગુમાવી બેસે તો...

સનત : આપણે શાંતિથી બેઠા એટલે જ દુશ્મનોએ આપણી શાંતિને નબળાઈ માની આક્રમણ કર્યું ને ?

કિશોર : પરંતુ આપણા જવામર્દોએ તો દુશ્મનોની મેલી મુરાદને બર ન આવવા દીધી ને ! દુશ્મનોના દાંત કેવા ખાટા કરી નાંખ્યા ?

સનત : પરંતુ પશ્ચિમના રાષ્ટ્રોની મદદ જો સમયસર ન મળી હોત તો આપણી શી દશા થાત ? પરંતુ હવે જો પારકી આશા રાખીશું તો ફરીથી ગુલામી વહોરીશું.

કિશોર : બસ સનત, આવા નિરાશાજનક વેણ ન કાઢ. આજે આપણને જરૂર છે શાંતિ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રીય ભાવનાની.

સનત : આવી વાતોએ જ આપણી તાકાત ઘટાડી છે.

કિશોર : કોણ કહે છે કે આપણે કમ તાકાત છીએ. આપણે તો સમગ્ર વિશ્વને યુદ્ધના આરેથી અનેક વખત બચાવ્યું છે.

સનત : આ બધી મનને મનાવવાની વાતો છે. બાકી કંઈક નક્કર વિચારીએ તો સારું.

કિશોર : તો હાથ મિલાવ મારી સાથે. આપણે શપથ લઈએ કે જ્યારે માભોમને આપણી જરૂર હશે ત્યારે કશાની ખેવના કર્યા વગર આ માથું વધેરવા તૈયાર થઈશું.
(ત્યાં જ રેણુકા પ્રવેશે છે.)

રેણુકા : શાબાશ, કિશોર, આજે સમય આવી પહોંચ્યો છે. છૂપા ઘૂસણખોરો શસ્ત્રસહિત આપણા દેશમાં આવી ચૂક્યા છે. જાઓ. શાંતિથી સમજાવો તેમને.

સનત : ના, ના સમજાવવાથી કંઈ જ વળવાનું નથી હવે તો નક્કી કરવાનું છે કે અભ્યાસ પૂરો કર્યા પછી મિલિટરી સ્કૂલમાં દાખલ થવું.

કિશોર : હું પણ તારી સાથે છું, બ્રિગેડીયર. (સુખલાલભાઈનો પ્રવેશ)

**પિતા** : આજે તો બહુ વાંચ્યું, દુકાને કેમ ન આવ્યો ?
ખેર ! લાવો તમારી પરીક્ષા લઉં. ક્યો વિષય વાંચતા હતા ?

**રેણુકા** : ઈતિહાસ. તેના ઘણાં પ્રશ્નો ઉકેલી નાંખ્યા.

**પિતા** : સરસ. તો કહો, સિંધુ નદીની સંસ્કૃતિ વિશે શું જાણો છો ? જવાબ આપો.

**સનત** : દેશની સંસ્કૃતિ વેરવિખેર કરવા એ ચઢી આવ્યા.

**પિતા** : તું આ શું બકે છે ? વાંચો છો કે ગપ્પાં મારો છો ?

**રેણુકા** : અમે સાચો ઈતિહાસ ભણીએ છીએ.

**પિતા** : પુસ્તકમાં  શું ખોટો ઈતિહાસ છે ?

**સનત** : આ પુસ્તકનો ઈતિહાસ ભણીએ તો જ અમે હોંશિયાર.

**પિતા** : એટલે ? તમે કહેવા શું માંગો છો ?

**કિશોર** : અમે અભ્યાસ પૂરો કર્યા પછી મિલિટરી સ્કૂલમાં દાખલ થવા ઈચ્છીએ છીએ.

**પિતા** : તું શું બોલે છે ? તેનું તને ભાન છે ?

**સનત** : કિશોર સાચું જ કહે છે. હું તેની સાથે સહમત છું.

**પિતા** : સનત, તને આજે શું થઈ ગયું છે ?

**સનત** : અરે, પપ્પા અમારા ઉત્સાહ ઉપર પાણી ન રેડો.

**રેણુકા** : તમારી વેપારી આલમે પણ શરમાવું જોઈએ. છૂપી રીતે અનાજ પહોંચાડી દુશ્મનોના હાથ મજબૂત કરતાં થોડું તો વિચારવું જોઈએ ને !

**પિતા** : સનત, દૂર જા મારી સામેથી અને કિશોર આજ પછી મારા ઘરમાં પગ ન મૂકતો.

**રેણુકા** : પિતાજી સનતને સમજવાનો પ્રયત્ન કરો.

**પિતા** : તું આ લોકો સાથે ઊંધા રવાડે ન ચડીશ. તારે તો પારકે ઘેર જઈ...

**રેણુકા** : જેણે પોતાનાને પારકા ગણ્યા છે એ દેશને વફાદાર કેવી રીતે રહી શકે ?

**કિશોર** : આપણો દેશ શાંતિમાં માને છે. તેથી દેશમાં અશાંતિ ઊભી કરનારાઓની તો અમે બૂરી વલે કરીશું.

**રેણુકા** : ત્યારે જ અમારી બહેનોનો સાચો રક્ષાબંધન દિન ગણાશે.

**સનત** : અમારું ભવિષ્ય અમે જ ઘડીશું. દેશના ભવિષ્યમાં જ અમારું ભવિષ્ય રહેલું છે.

**પિતા** : હું ફરી એકવખત કહું છું કે સમજો તો સારું.

**રેણુકા** : પિતાજી, ધારો કે સનતને દુશ્મનો સામે લડતાં તેની વીરતા માટે ઈલ્કાબ મળે તો તમે ખુશ થાઓ કે નહિ?

**પિતા** : ક્યો પિતા ખુશ ન થાય ?

**રેણુકા** : તો પછી તમારા મનને બીજા વિચારોના ચકડોળે ચઢાવી શા માટે દુઃખી થાઓ છો ?

**પિતા** : મારું પણ પિતાનું હૃદય છે બેટા ! દરેક પિતા પોતાની ઈચ્છા મુજબ પોતાના બાળકને ઘડવા માગતો હોય. તે પોતાનું પ્રતિબિંબ બાળકમાં જોવે ત્યારે જ તેને શાંતિ થાય છે.

રેણુકા : ત્યાં જ વડીલોની ભૂલ થાય છે. બાળક શું થવા માંગે છે, તે વિચારવાના બદલે પોતાની માન્યતાના બીબામાં જ તેને બેસાડી દેવામાં માને છે.

પિતા : દેશની ચિંતા કરનારા ઘણા છે. આપણે આપણું વિચારીએ.

રેણુકા : વળી પાછી એ જ વાત. તમે તમારી જાતને દેશથી અલગ કેવી રીતે કરી શકો ?

પિતા : તો એક પિતાને તેના પુત્રથી અલગ કરવાનો કોઈને અધિકાર ખરો ?

રેણુકા : લોકશાહીમાં પ્રજા પોતાની રીતે વિચારતી હોય, વર્તતી હોય તેવા વાતાવરણમાં કોઈના ઉપર કશું દબાણ લાદવામાં આવતું નથી.

(ત્યાં જ ટી.વી.માં સમાચાર આવે છે.)

'દુશ્મનોએ ગોળીબાર કરતાં આપણાં જવાનોએ ગોળીઓથી વળતો જવાબ આપ્યો છે. આપણાં ચાર જવાનો દુશ્મનોની ગોળીનો ભોગ બની માભોમ માટે શહીદ થઈ ગયા.'

(સમાચાર સાંભળી બધાં જ સ્થિર થઈ ગયા.)

પિતા : (સ્વગત) અરેરે ! હું શું બોલી ગયો ? હું આ દેશનો નથી તો ક્યાંનો છું ? આ શહીદ થનારા જવાનો પણ કોઈકના તો બાળકો જ હશે ને ? હે, ભગવાન ! મારા દુષ્ટ વિચારો બદલ મને માફ કરો ! આ જવાનો તો મા-ભોમનાં સપૂત છે.

રેણુકા : પિતાજી, આમ લાગણીવશ ના થાઓ. નિરાશ પણ ના થાઓ. જાગ્યા ત્યાંથી સવાર માની કાર્ય આરંભી દો.

પિતા : બેટા ! તમે બંને તો દેશના કાર્યમાં જોડાયેલા જ છો. તારી મમ્મીને ગૂંથણકામ બહુ ફાવે છે. તે જવાનો માટે સ્વેટર ગૂંથશે, હું જવાનો માટે કેન્ટીન ચલાવીશ.

કિશોર : અંકલ, તમારામાં આટલું જલદી પરિવર્તન આવશે તેવું મેં નહોતું ધાર્યું.

પિતા : સનત, અહીં આવ. ઘણું જીવો બેટા. તમને બંનેને મારા આશીર્વાદ છે. તમારા કાર્યમાં ફતેહ મેળવો.

સનત : પિતાજી, હું કંઈ જ બોલી નથી શકતો. બસ, આપના આશીર્વાદ જ માંગું છું.

પિતા : તમે જે ઈતિહાસ શીખ્યા તે ખરેખર સાચો છે.

રેણુકા : ઈતિહાસ હંમેશાં પરિવર્તનશીલ છે. નવા ફેરફારો થયા જ કરે છે. આપણે એને અનુકૂળ બનવું રહ્યું.

(ત્યાં જ કમળાબહેન પ્રવેશ કરે છે.)

કમળાબેન : કોને અનુકૂળ થવાની વાત કરો છો ?

રેણુકા : દેશને ! ઈતિહાસને !

કમળાબેન : શું કહે છે તું ? મને કંઈ સમજાતું નથી.

પિતા : એ બરાબર બોલે છે. મેં તો હા પાડી દીધી છે. હવે તારી જ વાર છે.

કમળાબેન : આમ ગોળમોળ શું બોલો છો ? માંડીને વાત કરો તો કંઈક સમજ પડે.

**પિતા** : આપણો સનત અભ્યાસ પૂરો કર્યા પછી લશ્કરી તાલીમ લેવા જવાની ઈચ્છા ધરાવે છે. મેં તો મંજૂરી આપી દીધી છે. હવે તારે આશીર્વાદ આપવાના છે.

**કમળાબેન**: બેટા, હું ના પાડીને અપશુકન નહિ કરું. તાલીમ મેળવીને દેશની લાજ વધારજો. (રડતાં-રડતાં) માની કૂખ ઉજાળજો.

**રેણુકા** : (આંખમાં હર્ષાશ્રુ સાથે) બા, તું માની ગઈ. તું તો એક નહિ અનેક જવાનોની મા બનીશ.

**કમળાબેન**: ને આ તારા પિતા ?

**રેણુકા** : પિતાજી, અમને અશિસ્તભર્યા વર્તન બદલ માફ કરજો.

**પિતાજી** : માફી તો મારે માંગવાની છે. હું મારાં બાળકોને બહુ મોડા ઓળખી શક્યો. હું તમને અન્યાય કરી બેસત.

**કિશોર** : અમને અન્યાય થવા કરતાં દેશને અન્યાય કરી બેસત તેનું અમને દુઃખ થાત.

**રેણુકા** : ચાલો, બધી બાબતનો સુંદર ઉકેલ આવી ગયો. આપણા ધ્યેયનો પથ કલ્યાણકારી બની રહો. ચાલો, આપણે સહુ પેલું ગીત ગાઈએ.

**બધા સાથે**: જય જવાન, જય કિસાન
દિશ દિશ મેં ગુંજે ગાન
દેશકી બઢાઓ શાન.

તું જવાન આગે બઢ
દુશ્મનો કે સાથ લઢ
હમ હૈ તુમ્હારે સાથ
વિજય હૈ તુમ્હારે સાથ

જય જવાન

## • માર્ગદર્શક સ્તંભ •


આ પાઠ શરૂ કરતાં પહેલાં બાળકોને નાટક વિશે જાણકારી આપવી. નાટકના પ્રકાર, એકાંકી, દ્વિઅંકીની માહિતી આપવી. નાટક એ લોકજાગૃતિનું સબળ માધ્યમ છે. તેના દ્વારા લોકોમાં કેવી રીતે જાગૃતિ લાવી શકાય તે સમજાવવું. શેરીનાટકો દ્વારા પણ સમાજમાં જાગૃતિ લાવી શકાય તેની વાત કરવી. સૈનિકો વિશે વાત કરી વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ ઉજાગર કરવો અને દેશની સુરક્ષા બાબત વિચાર કરવા પ્રેરિત કરવા.

## સ્વાધ્યાય




**સ. ૧ નીચેના શબ્દો માટે નાટકમાં વપરાયેલાં શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| (૧) એકાએક | (૨) નેતૃત્વ | (૩) મિજબાની | (૪) હુમલો |
| (૫) ઈચ્છા | (૬) પુરસ્કાર | (૭) સોગંદ | (૮) જીત |




સ. ૩ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો.

ઉદા : શાંતિ – અશાંતિ

| | | | |
|---|---|---|---|
| (૧) સ્વતંત્ર | (૨) ઉત્સાહ | (૩) વિશ્વાસ | (૪) દોસ્ત |
| (૫) સ્વસ્થ | (૬) સપૂત | (૭) સહમત | (૮) ઈચ્છા |

સ. ૪ આપેલા શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરીને લખો.

| | | |
|---|---|---|
| (૧) શરણાઈ | (૨) મિલિટરી | (૩) સંસ્કૃતિ |
| (૪) પ્રતિબિંબ | (૫) લોકશાહી | (૬) શહીદ |

સ. ૫ (અ) વિભાગમાં આપેલા રૂઢિપ્રયોગના અર્થ (બ) વિભાગમાંથી શોધીને લખો.

(અ) વિભાગ

* માથું વધેરવું * ઉત્સાહ પર પાણી ફરી જવું
* ઊંધા રવાડે ચડી જવું * બૂરી વલે કરવી
* કૂખ ઉજાળવી * ખપી જવું
* ચકડોળે ચઢવું

(બ) વિભાગ

* શહીદ થઈ જવું * માથું કાપવું
* નિરાશા આવવી * ખોટે રસ્તે વળવું
* માતાનું નામ રોશન કરવું * દુર્દશા કરવી
* વિચારોમાં અટવાઈ જવું

સ. ૬ ખાલી જગ્યા પૂરો.

(૧) _________ જવાનો ખપી ગયા.

(૨) અમારું _________ અમે જ ઘડીશું.

(૩) _________ પ્રજા પોતાની રીતે વિચારતી હોય.

(૪) ઈતિહાસ હંમેશાં _________ છે.

(૫) જય જવાન જય _________.

સ. ૭ યોગ્ય વિકલ્પ શોધી વાક્યો પૂરાં કરો.

(૧) સનત ખુરશી પર બેસી ________.
(અ) વિચાર કરતો હતો (આ) પરીક્ષાનું વાંચતો હતો (ઈ) લગ્નગીતો સાંભળતો હતો

(૨) શહીદોના આત્મા હજુ પણ ________.
(અ) ગામમાં ઘુમરીઓ લે છે (આ) યુધ્ધના મેદાનમાં ઘુમરીઓ લે છે
(ઈ) તળાવ કિનારે ઘુમરીઓ લે છે

(૩) સનતને અભ્યાસ પૂરો કર્યા પછી ________.
(અ) મિલિટરી સ્કૂલમાં દાખલ થવું હતું
(આ) નેશનલ સ્કૂલમાં દાખલ થવું હતું
(ઈ) શહેરની સ્કૂલમાં દાખલ થવું હતું

(૪) દુશ્મનોએ ગોળીબાર કરતાં આપણા ________.
(અ) દશ જવાનો શહીદ થઈ ગયા (આ) ચાર જવાનો શહીદ થઈ ગયા
(ઈ) છ જવાનો શહીદ થઈ ગયા

(૫) મમ્મી જવાનો માટે ________.
(અ) કેન્ટીન ચલાવશે (આ) ભોજન બનાવશે (ઈ) સ્વેટર ગૂંથશે

(૬) ઈતિહાસ હંમેશાં ________.
(અ) સ્થિર હોય છે (આ) અસ્થિર હોય છે (ઈ) પરિવર્તનશીલ હોય છે

સ. ૮ ઓળખો.

(૧) વેપારી પિતા : ________ (૨) સનતનો મિત્ર : ________
(૩) સુખલાલનો પુત્ર : ________ (૪) સુખલાલનાં પત્ની : ________
(૫) સુખલાલની પુત્રી : ________

સ. ૯ પાઠમાં વપરાયેલાં વિશેષણો શોધીને લખો.

(૧) ________ પથ (૨) ________ ઉકેલ (૩) ________ વર્તન
(૪) ________ જવાનો (૫) ________ ઘૂસણખોરો (૬) ________ મુરાદ

સ. ૧૦ નીચેનાં વાક્યોમાં અર્થ ન બદલાય તે રીતે વાક્યોને નકારાત્મક બનાવો અને ફરીથી લખો.

(૧) સનત <u>સ્વસ્થ</u> બેઠો હતો.
(૨) કિશોર ખૂબ જ <u>ઉત્સાહી</u> હતો.
(૩) જવાનો તો મો-ભોમનાં <u>સપૂત</u> છે.
(૪) બંને બાળકો સાથે <u>ન્યાય</u> થયો તેથી પિતા ખુશ થયા.
(૫) ઈતિહાસ એ <u>પરિવર્તનશીલ</u> છે.
(૬) આપણા ધ્યેયનો પથ <u>કલ્યાણકારી</u> બની રહો.

સ. ૧૧ ‘જાગ્યા ત્યારથી સવાર’ આ કહેવતના આધારે સુંદર બોધદાયક વાર્તા તૈયાર કરીને લખો.
કારગીલ યુદ્ધ વિશે જાણતા હો તે વર્ગમાં કહો.

## પ્રકલ્પ

★ માતૃભૂમિની સેવા માટેનાં સ્લોગન તૈયાર કરી વર્ગમાં લગાડો.

## લેખન કૌશલ્ય



## આમંત્રણપત્રિકા

'આમંત્રણપત્રિકા' જેમાં વિવિધ કાર્યક્રમોમાં, વિવિધ સ્તરે રહેલી બિરાજમાન વ્યક્તિઓને મોકલવાની આમંત્રણપત્રિકાઓ તૈયાર કરવી. લગ્ન પ્રસંગે તૈયાર કરવામાં આવતી લગ્નપત્રિકા પણ આમંત્રણનો જ પ્રકાર છે.

★ બક્ષિસવિતરણ પ્રસંગે
★ સ્નેહસંમેલન નિમિત્તે
★ રમતોત્સવ માટેની
★ જન્મદિનની ઉજવણી નિમિત્તે
★ વિદાયસમારંભ માટેની
★ પુસ્તકમેળાના ઉદ્‌ઘાટનસમારંભની આમંત્રણ-પત્રિકા તૈયાર કરો.

### શ્રી સરસ્વતી સાધના વિદ્યાલય, સાંગલી.

સુજ્ઞશ્રી .....................................

સવિનય જણાવવાનું કે અમારી શાળામાં ગાંધી-જયંતિ નિમિત્તે એક ભવ્ય અને દિવ્ય પુસ્તક મેળાનું આયોજન કરેલ છે. આ મેળાનું ઉદ્‌ઘાટન આપણી સંસ્થાના પ્રમુખ શ્રીના શુભહસ્તે થશે. તો આપશ્રી મિત્ર પરિવાર સાથે પધારી, શાળાના આ શુભપ્રસંગને દીપાવશો.

શાળાનો આ અવસર એ ફૂલ છે.
આપની ઉપસ્થિતિ એ ફૂલની ફોરમ છે.

સ્થળ : શાળાનું સભાગૃહ
તારીખ : ૦૨ ઑક્ટોબર, ૨૦૧૯
વાર : બુધવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
મેળાની વિશિષ્ટતા : - દરેક પુસ્તક પર ૨૦% છૂટ
- પ્રાચીન-અર્વાચીન યુગના ઘણાં પુસ્તકો ઉપલબ્ધ

લિ

વિદ્યાર્થી પ્રતિનિધિ — મુખ્યાધ્યાપિકા

✻✻✻

દેશસેવા આપણા સૌની પ્રથમ ફરજ છે.

4165NR

# ભાષિક સમજ

## સમાસ

જ્યારે બે કે બેથી વધારે પદો સાથે આવે અને અર્થની દૃષ્ટિએ એક જ શબ્દ બને ત્યારે તેને સમાસ કહેવાય છે. સમ એટલે સાથે અને આસ એટલે બેસવું. સમાસમાં આવેલાં પદોને છૂટાં પાડીને તેમની વચ્ચેનો સંબંધ દર્શાવાય છે, ત્યારે સમાસનો વિગ્રહ કર્યો કહેવાય છે.

### ૧) દ્વંદ્વ સમાસ :

જો સમાસનાં બધાં પદો વાક્ય સાથે સમાન રીતે જોડાયેલાં હોય અને સમાસમાં જોડાયેલાં પદો વચ્ચે સમાનતાનો સંબંધ હોય તેને દ્વંદ્વ સમાસ કહેવાય છે.

દ્વંદ્વ સમાસના ત્રણ પ્રકાર છે :

૧) ઈતરેતર દ્વંદ્વ સમાસ

૨) વૈકલ્પિક દ્વંદ્વ સમાસ

૩) સમાહાર દ્વંદ્વ સમાસ

ઉદા. ૧) બાળકો માતાપિતાને પ્રણામ કરે છે.

માતાપિતા – માતા અને પિતા

૨) ભાઈબહેન વચ્ચે નિર્મળ સ્નેહ હોય છે.

ભાઈબહેન – ભાઈ અને બહેન

અહીં પૂર્વપદ અને ઉત્તરપદનું સમાન મહત્વ છે. આ સમાસના વિગ્રહમાં 'અને' વપરાય છે. આ ઈતરેતર દ્વંદ્વ સમાસ છે.

ઉદા. ૧) જીવનમાં સુખદુઃખ આવ્યાં કરે.

સુખદુઃખ – સુખ કે દુઃખ

૨) જન્મમૃત્યુ અફર છે.

જન્મમૃત્યુ – જન્મ કે મૃત્યુ

આ સમાસના વિગ્રહમાં 'કે' વપરાય છે. આ વૈકલ્પિક દ્વંદ્વ સમાસ છે.

ઉદા. ૧) આ શહેરના હવાપાણી સારા છે.

હવાપાણી – હવાપાણી વગેરે

૨) તમારા નામઠામ આ અરજીપત્રકમાં ભરો.

નામઠામ – નામઠામ વગેરે

કેટલીક વાર સમાસનાં બધાં પદોનો છૂટો અર્થ થતો નથી. પણ આખા સમાસમાંથી પદો ઉપરાંત બીજી સંબંધ ધરાવતી વિગતોનું કે વસ્તુઓનું પણ સૂચન રહેલું હોય છે. આવા સમાસમાંથી આખા સમૂહનો અર્થ સૂચવાતો હોય છે. આવા દ્વંદ્વ સમાસોને સમાહાર દ્વંદ્વ સમાસ કહેવાય છે. અહીં 'વગેરે' વપરાય છે.

નીચેના સમાસોનો વિગ્રહ કરી પ્રકાર લખો :

| | | | |
|---|---|---|---|
| ૧) પતિપત્ની | ૨) સવારસાંજ | ૩) અન્નજળ | ૪) નરનારી |
| ૪) સૂર્યચંદ્ર | ૫) બેત્રણ | ૬) સલાહસૂચન | ૮) ઘેટાંબકરાં |

### ૨) મધ્યમપદલોપી સમાસ :

આ સમાસમાં એક પદ મુખ્ય હોય છે. બીજું પદ એની સાથે વિભક્તિ - સંબંધે જોડાયેલું હોય છે. પણ બે પદોની વચ્ચેની કડીરૂપ કોઈ પદનો લોપ થતો હોય છે. તેથી એને મધ્યમપદલોપી સમાસ કહેવામાં આવે છે.

ઉદા :૧) ઋષિ પાસે કામધેનુ ગાય છે.
કામધેનુ - કામ (ઈચ્છા) પૂરનારી ધેનુ.

૨) ફૂલોની વરમાળા બને છે.
વરમાળા - વરને પહેરવાની માળા

૩) રાજા સિંહાસન પર બેઠા છે.
સિંહાસન - સિંહની આકૃતિવાળું આસન

નીચેના સમાસોનો વિગ્રહ કરો.

| | |
|---|---|
| ૧) આગગાડી | ૨) વિરામસ્થાન |
| ૩) દૂધકેન્દ્ર | ૪) ટપાલપેટી |

### ૩) દ્વિગુ સમાસ :

જે સમાસનું પહેલું પદ સંખ્યાવાચક વિશેષણ હોય અને બીજું પદ નામ હોય તેને દ્વિગુ સમાસ કહે છે.

ઉદા :૧) ત્રિભુવનની રચના સુંદર છે.
ત્રિભુવન - ત્રણ ભુવનનો સમૂહ

૨) નવરાત્રિ આસો મહિનામાં આવે છે.
નવરાત્રિ - નવ રાત્રિઓનો સમૂહ

૩) આ વર્ષે ચોમાસુ સારું છે.
ચોમાસુ = ચાર માસનો સમૂહ

નીચેના સમાસોનો વિગ્રહ કરો.

| | |
|---|---|
| ૧) ષટ્કોણ | ૨) સપ્તર્ષિ |
| ૩) ત્રિદેવ | ૪) પંચવટી |

# ઉપક્રમ

**વાંચો... વિચારો અને નક્કી કરો**

★ શબ્દોનું શીર્ષાસિન કરો :-

(૧) દ નં જા નિ □ □ □ □

(૨) શ હો બા □ □ □ □

(૩) ષ તો સં □ □ □

(૪) રી ગી મ કા □ □ □ □

(૫) ર ધા રા ન અ □ □ □ □ □

(૬) ક સ્ત મ ત ન □ □ □ □ □

(૭) ર ભા રો ભા □ □ □ □

(૮) ટા વા સ સૂ □ □ □ □

★ ઉખાણાં :-

(૧) શરીર છે પોલા વાંસનું,
ઘર છે તેમાં અનેક,
આંગળી મૂકી ફૂંક મારીને
સ્વરલહેરી બનાવી લો અનેક

(૨) મારી ચામડી ઠોકી-ઠોકીને
અવાજ નીકળે અનેક
હાથ અને સ્ટિકથી મને મારો
પછી નાચો છમાછમ છેક

(૩) ત્રણ અક્ષરનું નામ મારું
જુદા જુદા છે મારા પ્રકાર
બધાને આશરો આપું હું,
દરેક માટે હું જ આધાર

(૪) ક્યારેક હું પૂરો થઈ જાઉં,
ક્યારેક રહું વળી અડધો,
ક્યારેક વધુ ક્યારેક ઘટું,
ક્યારેક હું ન દેખાઉં

**જવાબો :** વાંસળી, ઢોલ, મકાન, ચંદ્રમા

***

પારકાંને પોતાના બનાવવાની ત્રણ ચાવી....
સ્મિત, સદ્ભાવ અને સ્નેહ

## નમૂનારૂપ માર્ગદર્શક કૃતિ પુસ્તિકા

'ચોરને માલૂમ થાય કે...' પાઠમાંથી નીચેના ગદ્યખંડનું ધ્યાનપૂર્વક વાંચન કર્યા પછી તેના આધારે અહીં આપેલી કૃતિઓ કરો.

ગદ્યખંડ : ચોથા દિવસે... વાહન પકડી લો.

કૃતિ - ૧ ઉદાહરણ પ્રમાણે લખો.

દા. ત. દિન - દિવસ

(૧) બારણા - ________________

(૨) નાણાં - ________________

(૩) ચોખ્ખું - ________________

(૪) સાચું - ________________

(૫) આરોગ્ય - ________________

(૬) ઉપદેશ - ________________

કૃતિ - ૨ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(૧) એ બોર્ડ બનાવવાનો મને ------- રૂપિયા ખર્ચ થયો.

(૨) લિખિતંગ આપનો -------- જગદીશ ત્રિવેદી.

(૩) પાંચમા દિવસે મારા એક બહુ દૂરનાં -------- આવ્યાં.

(૪) મારે ચોર પકડાવવાનો નથી પણ તમે -------- પકડી લો.

કૃતિ - ૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

(૧) ચોથા દિવસે કંટાળીને મેં...

(અ) દરવાજા પર મોટું તાળું માર્યું.

(આ) દરવાજા પર મોટી સાંકળ મારી.

(ઈ) દરવાજા પર મોટું બોર્ડ માર્યું.

(૨) પાંચમા દિવસે મારા એક બહુ દૂરનાં...

(અ) કાકી આવ્યા.

(આ) માસી આવ્યા.

(ઈ) મામી આવ્યા.

(૩) માસીને કોઈએ...

(અ) ચોરીના સમાચાર આપ્યા.

(આ) મારામારીના સમાચાર આપ્યા.

(ઈ) માંદગીના સમાચાર આપ્યા.

(૪) જ્યાં સુધી ચોર પકડાય નહીં...

(અ) અમે કોઈ અહીંથી જવાના નથી.

(આ) અમે પાંચેય અહીંથી જવાના નથી.

(ઈ) છોકરાંઓ એકલા અહીંથી જવાના નથી.

કૃતિ - ૪ નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદમાં વર્ગીકરણ કરો.

માસી, મને, મોટું, ચોરાઈ, આપનો, દેખાડી, ખોટી, પાંચસો, જગદીશ, અમે, જણાવું, દૂરના

| નામ | સર્વનામ | વિશેષણ | ક્રિયાપદ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

કૃતિ - ૫ કહો


(૧) વાંદરામાંથી માણસ બનવાનું ભૂલી જનાર -------

(૨) કંટાળીને દરવાજા પર બોર્ડ મારનાર --------

(૩) પાંચમા દિવસે લેખકના ઘેર આવનાર --------

(૪) માસી સાથે આવનાર --------

કૃતિ - ૬ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.



કૃતિ - ૭ યોગ્ય રીતે જોડો.




કૃતિ - ૮ યોગ્ય જોડી બનાવો.

| | અ | | બ |
|---|---|---|---|
| (૧) | લેખકે કંટાળીને | (અ) | દૂરના માસી મળવા આવ્યા |
| (૨) | બોર્ડ બનાવવામાં | (આ) | ચાર પુત્રો આવ્યા |
| (૩) | પાંચમા દિવસે | (ઇ) | તમે વાહન પકડી લો |
| (૪) | માસી સાથે તેના | (ઈ) | દરવાજા પર મોટું બોર્ડ માર્યું |
| (૫) | મારે ચોર પકડાવવો નથી | (ઉ) | પાંચસો રૂપિયા ખર્ચાયા |

કૃતિ - ૯ લેખકે લખેલા બોર્ડ પરના વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(૧) મને દિવસે કંઈ જ જડતું નથી.
(૨) મારા ઘરમાંથી કંઈ જ ચોરાયું નથી.
(૩) મને સલાહ પીવડાવવા પધારશો નહીં.
(૪) હું સત્યપ્રતિજ્ઞા પૂર્વક લખું છું.
(૫) મારા ઘરે ચોરી થઈ હતી.

❋❋❋











































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

***साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.***

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧ ૦૦૪.

गरवी गुजराती, इयत्ता नववी, द्‌वितीय/तृतीय (संपूर्ण) गुजराती भाषा

₹ 48.00